**647510** **BA06GujC022B** **Seat No :________**

## B.A. Semester - 6 (*CBCS*) Examination

## March/April-2024 (NEW COURSE)

## GUJ P22 Gujarati Vyakaran, Sarjan Lekhan Kaushal-6 (Core -22 (New))

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનાં કાવ્યનું રસદર્શન કરાવો. (૧૪)

તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
મંઝિલ વગરનો જાણે મુસાફર બની ગયો !
ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાના કારણે,
હું પાનખરમાં કેટલો સુંદર બની ગયો ?
ક્યાં જઈ હવે એ સ્મિતની મીઠાશ માણશું ?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો !
મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોના સ્પર્શથી,
રસ્તે હું એ જ કારણે પથ્થર બની ગયો !
મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું ?
સંસાર, આંખ મીંચી તો નશ્વર બની ગયો !

– શ્યામ સાધુ

અથવા

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા ....
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો,
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા ....૦
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા ....૦
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા ....૦

-રાવજી પટેલ.

પ્રશ્ન-૨ મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન-સંપાદનનાં પડકારો કે મુશ્કેલીઓ વિશે લખો. (૧૪)

અથવા

પ્રશ્ન-૨ મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન-સંપાદકની સજ્જતા અંગે વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન-3 સંધિ એટલે શું ? એ જણાવીને વિસર્ગસંધિની સોદાહરણ ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 જોડણી એટલે શું ? એનું મહત્વ સમજાવી, જોડણી ભેદથી થતાં અર્થભેદને ચર્ચો.

પ્રશ્ન-૪ સર્જનાત્મક લેખન કૌશલ્યનું મહત્વ જણાવી, એની સજ્જતા માટેની ધ્યાનાર્હ મુદ્દાઓને ચર્ચો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ તમારી કોલેજમાં યોજાયેલાં 'સત્રારંભ' અને એમાં પ્રમુખસ્થાનેથી 'ઉચ્ચ-શિક્ષણની મહત્તા' વિશે લંબાણથી તમારા શબ્દોમાં અહેવાલ લેખન કરો.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બેનાં જવાબ આપો. (૧૪)

(અ) સ્વરસંધિને સમજાવીને એનાં પાંચ ઉદાહરણ આપો.

(બ) સર્જનાત્મક લેખન કૌશલ્યને વિકસાવાર્થેનાં ત્રણ મુદ્દાઓ બનાવી, એને સમજાવો.

(ક) વ્યંજનસંધિ એટલે શું ? સમજાવીને એનાં પાંચ ઉદાહરણ આપો.

(ડ) પ્રસંગ લેખનમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો વિશે લખો.

***************************